# ૫. કર્મ પચ્ચીસી

(દેશી : જિનજી ઓલંભડે મત ખીજો)

દેવદાનવ તીર્થંકર ગણધર, હરિહર નટવર સબળા;
કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા, સબળા હુઆ મહા નબળા રે,
પ્રાણી કર્મ સમો નહિ કોય.
કીધાં કર્મ વિણ ભોગવી આ, છૂટકબારો ન હોય રે પ્રાણી. એ ટેક૦ ૧

આદીશ્વરને અંતરાય વિટંબ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે;
વીરને બાર વર્ષ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કૂખે રે. પ્રા૦ ૨
સાઠ સહસ્ર સુત એક દિન મૂઆ, સામંત શૂરા જેસા;
સાગર હુઓ મહાપુત્રે દુઃખીઓ, કર્મ તણાં ફળ એસા રે. પ્રા૦ ૩
બત્રીશ સહસ્ર દેશોનો સાહેબ, ચક્રી સનતકુમાર;
સોળ રોગ શરીરે ઉપન્યા, કર્મે કિયો તસ ખુવાર રે. પ્રા૦ ૪
સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયરમાં નાખ્યો;
સોળ સહસ્ર યક્ષે ઊભાં દીઠા, પણ કિણ હી નવિ રાખ્યો રે. પ્રા૦ ૫
બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો રે અંધો;
એમ જાણી પ્રાણી વિણ કામે, કર્મ કોઈ મત બાંધો રે. પ્રા૦ ૬
વીશ ભુજા દશ મસ્તક હુતા, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, તે પણ કર્મથી હાર્યો રે. પ્રા૦ ૭
લક્ષ્મણ રામ મહા બળવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનમાં ભમિયા, વીતક તસ બહુ વીત્યા રે. પ્રા૦ ૮
છપ્પન ક્રોડ જાદવનો સાહેબ, કૃષ્ણ મહાબળી જાણી;
અટવી કોશંબીમાં એકલડો મૂઓ, વલવલતો વિણ પાણી રે. પ્રા૦ ૯
પાંચ પાંડવ મહા ઝુંઝારા, વળી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠા, ભમિયા જેમ ભિખારી રે. પ્રા૦ ૧૦
સતી ય શિરોમણી દ્રૌપદી કહીએ, પાંચ પુરુષની નાર;
સુકુમારિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરથાર રે. પ્રા૦ ૧૧
કર્મે હળવો કીધો હરિશ્ચંદ્રને, વેચી તારારાણી;
બાર વરસ લગી માથે આણ્યું, ડૂંબ તણે ઘર પાણી રે. પ્રા૦ ૧૨
દધિવાહન રાજાની બેટી, ચાવી ચંદનબાળા;
ચૌપદની પેરે ચૌટે વેચાણી, કર્મ તણા એ ચાળા રે. પ્રા૦ ૧૩

સમકિત ધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મુસકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકે રે. પ્રા૦ ૧૪
ઈશ્વરદેવ ને પાર્વતી રાણી, કર્તા પુરુષ કહેવાય;
અહોનિશ સ્મશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે. પ્રા૦ ૧૫
સહસ્ર કિરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતો;
સોળ કળા શશિયર જગ જાચો, દિન દિન જાય ઘટતો રે. પ્રા૦ ૧૬
નળરાજા પણ જુગટે રમતાં, અર્થ ગરથ રાજ્ય હાર્યો;
બાર વર્ષ લગી વનદુઃખ દીઠાં, તેને પણ કર્મે ભમાડ્યો રે. પ્રા૦ ૧૭
સુદર્શનને શૂળીએ દીધો, મુંજ રાયે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણિક બળ્યો, માની ન કોઈની શીખ રે. પ્રા૦ ૧૮
ગજ મુનિના શિર ઉપર સગડી, સાગરદત્ત બન્યું શીષ;
મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીસ રે. પ્રા૦ ૧૯
પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રોષ ન આણ્યો લગાર;
પૂરવ કર્મે ઢંઢણ ઋષિને, ખટમાસ ન મળ્યો આહાર રે. પ્રા૦ ૨૦
ચૌદ પૂર્વધર કર્મ તણે વશ, પડ્યા નિગોદ મુઝાર;
આર્દ્રકુમાર અને નંદીષેણ, ફરી વાસ્યો ઘરબાર રે. પ્રા૦ ૨૧
કળાવતીનાં કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણા એ વંક રે. પ્રા૦ ૨૨
દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફેડ્યું કૃષ્ણે ઠામ;
વીરને કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રા૦ ૨૩
કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મુઝાર;
મેરુ શિખર ઉપર ચઢે, પણ કર્મ ન મૂકે લગાર રે. પ્રા૦ ૨૪
એવા કર્મ જીત્યા નરનારી, તે પહોંચ્યા શિવ ઠાય;
પ્રભાતે ઊઠી નિત નિત વંદો, ભક્તિએ તેહના પાય રે. પ્રા૦ ૨૫

એમ અનેક નર ખંડ્યા કર્મે, ભલભલેરા જે સાજ;
'ઋષિ હરખ' કર જોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે. પ્રા૦ ૨૬

---